# દીનની બુનિયાદ અને વ્યવસ્થા

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | દીનની બુનિયાદ અને વ્યવસ્થા |
| પ્રકાશનનું વર્ષ | : | શાબાન, હી.સ. ૧૪૩૬, ઈ.સ. ૨૦૧૫ |
| પ્રકાશક | : | એસોસીએશન ઓફ ઈમામ મહદી (અ.સ.)<br>પો.બોક્સ નં. ૧૯૮૨૨<br>મુંબઇ - ૪૦૦ ૦૫૦ |


# અનુક્રમણિકા


| વિષય | પાના |
|---|---|
| **દીનની હિફાઝતઃ<br>હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની ઈમામત** | ૪ |
| રસુલે અકરમ (સ.અ.વ.)ની બેઅસતનો મકસદ | ૪ |
| દીનનો ચિરાગ | ૫ |
| વિરોધી હવાઓ | ૬ |
| ફાનુસે હિફાઝત | ૭ |
| વઝીર અને મોહાફિઝ | ૮ |
| દીનની હિફાઝત અને ઈમામત | ૯ |
| બારની શોધમાં આલીમોની પરેશાનીઓ | ૧૦ |
| બારના મિસ્દાક કોણ છે? | ૧૩ |
| ઈમામની મઅરેફતનું મહત્ત્વ | ૧૫ |
| ઈમામે અસ્ર (અ.સ.) કોણ છે? | ૧૬ |
| ચર્ચાનું તારણ | ૧૭ |

| | |
|---|---|
| **દીનની વ્યવસ્થા અને બુનિયાદઃ**<br>**હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની મોહબ્બત** | **૧૯** |
| ૧) ઈસ્લામની બુનિયાદ | ૧૯ |
| ૨) દીનની વ્યવસ્થા | ૧૯ |
| ૩) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત ખુદાની મોહબ્બત | ૨૦ |
| ૪) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત રસુલે ખુદા (સ.અ.વ.)ની મોહબ્બત | ૨૧ |
| ૫) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત તવહીદની શર્ત છે | ૨૧ |
| ૬) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત ઈમાનની શર્ત છે | ૨૩ |
| ૭) વિલાદતની પાકીઝગી | ૨૪ |
| ૮) દિલની પાકીઝગી | ૨૫ |
| ૯) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત સૌથી શ્રેષ્ઠ ઈબાદત | ૨૬ |
| ૧૦) મયદાને મેહશરનો સૌથી પહેલો સવાલ | ૨૭ |
| હઝરત વલીએ અસ્ર (અ.સ.) રિસાલતના કમાલનો અરિસો | ૨૮ |
| **દીનના તકાઝાઓઃ**<br>**હઝરત વલી એ અસ્ર (અ.સ.)ની ઈતાઅત** | ૩૦ |
| હુજ્જતે ખુદા-અલ્લાહના દીનના મોહાફિઝ | ૩૦ |
| ઈમામ (અ.સ.)ની મદદ કરવાના પ્રકાર | ૩૨ |
| ઈમામ (અ.સ.)ની ઈતાઅત-ઈમામ (અ.સ.)ની મદદ | ૩૪ |
| તકવા અને પરહેઝગારી | ૩૫ |
| એકતા અને સર્વસંમતિ | ૩૭ |

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا وَلِيَّ الْعَصْرِ اَدْرِكْنَا

# દીનની હિફાઝત

# હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની ઈમામત

## રસુલે અકરમ (સ.અ.વ.)ની બેઅસતનો મકસદઃ

રહમાન અને રહીમ ખુદાવંદે આલમે ઈન્સાનોને જેહાલત અને જાહેલીય્યતથી નજાત આપવા માટે, કુફ્ર, શિર્ક અને ગુમરાહીમાંથી બહાર લાવવા માટે, આતંકવાદ અને ખુના-મરકીથી દૂર રહેવા માટે, હૈવાનિય્યતની પસ્તીથી ઈન્સાનિય્યતની બલંદી સુધી લઈ જવા માટે, માટીના દબાએલા અને કચડાએલા કણોને ચમકતા અને રોશન સિતારાઓમાં પરિવર્તન કરવા માટે, અપમાનની ખાઈમાંથી બહાર કાઢીને અઅલા ઈલ્લીય્યીનના ઉચ્ચ દરજજા સુધી પહોંચાડવા માટે, હવા અને હવસના બંદાઓને ખુદાના બંદા બનાવવા માટે, શયતાનના અનુયાયીઓને અલ્લાહ તઆલાના આજ્ઞાંકિત અને ફરમાંબરદાર બનાવવા માટે...

અફઝલુન નબીય્યીન, અશરફુલ મુરસલીન, અર્શે મકીન, તાહા અને યાસીન, રહમતુલ લીલ આલમીન, સરદારે અવ્વલીનો આખેરીન, ઉસ્તાદે મલાએકા વ જીબ્રઈલે અમીન, મરકઝે વહ્યે રબ્બીલ આલમીન, મોઅલ્લીમે કુરઆને મોબીન, એહમદે મુજતબા, હઝરત મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.)ને મક્કાની સરઝમીન ઉપર નબી, રસુલ, હાદી, બશીર, નઝીર, સેરાજે મોનીર, રઉફ અને રહીમ બનાવીને મબ્ઉસ કર્યા.

આપ (સ.અ.વ.)ની બેઅસત થકી તે ઝમાનાની શરૂઆત થઈ જેને તવહીદ, નૂર, હિદાયત અને ઈલ્મનો ઝમાનો કહેવામાં આવે છે. આપ (સ.અ.વ.)ની નુબુવ્વત અને રિસાલતના એઅલાન પહેલાના ઝમાનાને 'જાહેલીય્યતનો ઝમાનો' કહેવામાં આવતો હતો. 'જાહેલીય્યતનો ઝમાનો' એટલે કે તે ઝમાનો કે જેમાં મઝહબો તો હતા પરંતુ તે ફેરફારવાળા હતા, હકાએક હતા પરંતુ રદ બાતલ હતા, ઈબાદત હતી પરંતુ મૂર્તિઓની, કુરબાનીઓ થાતી પરંતુ મુર્તિઓને ખુશ કરવા માટે. એટલે કે જે ઝમાનામાં સાચો અને વાસ્તવિક દીન મૌજુદ ન હોય, ફેરફારથી સંપૂર્ણપણે સુરક્ષિત દીન મૌજુદ ન હોય, હકાએક બરાબર સ્પષ્ટ ન હોય તે ઝમાનાને જાહેલિય્યતનો ઝમાનો કહેવામાં આવે છે. જાહેલિય્યત આઅમાલ અને અખ્લાકથી વધીને અકીદાની જાહેલિય્યત છે, માન્યતા અને વિચારધારાની ગુમરાહી છે.

## દીનનો ચિરાગઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ખુદાવંદે આલમના હુકમથી જાહેલિય્યતના આ ઘટાટોપ અંધકારમાં કુફ્ર, શિર્ક, ઝલાલત અને ગુમરાહીની તીવ્ર આંધીઓની દરમ્યાન હિદાયતનો ચિરાગ પ્રકટાવ્યો. જાહેલિય્યતના ઝમાનાને ઈસ્લામ અને ઈમાનના ઝમાનામાં પરિવર્તિત કર્યો. તે પયગમ્બરે અકરમ (સ.અ.વ.) કે જેઓ ખુદાવંદે આલમની ઈનાયતોથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ઉપર એક સમાન નઝર ધરાવતા હતા અને જેમણે કયામત સુધી બનનારા બનાવોની આગાહી કરી દીધી છે. કયામત ઉપર નઝર રાખનારી નિગાહો જોઈ રહી હતી કે કેવી રીતે આ હિદાયતના પયગામનો વિરોધ કરવામાં આવશે અને આ હિદાયતના ચિરાગને બુજાવવા માટે શું શું પ્રયાસો કરવામાં આવશે અને કોણ

કોણ લોકો અને કેવી કેવી રીતે તેનો વિરોધ કરશે. આ વિરોધની શરૂઆત કુફ્ર અને શિર્કના ખૈમામાંથી થશે અને જ્યારે તે પરાજય પામશે ત્યારબાદ આ હિદાયતના પયગામ અને નુબુવ્વત તથા રિસાલતના ચિરાગને બુજાવવાની કોશિશો નિફાકના સ્વરૂપે કરવામાં આવશે. ઈસ્લામને ખુદ ઈસ્લામની વિરૂધ્ધ અને કુરઆનને ખુદ કુરઆનની વિરૂધ્ધ ઉપયોગ કરવામાં આવશે.

## વિરોધી હવાઓઃ

આ ઉપરાંત તે ખુદા કે જેણે ઈન્સાનોને નજાત આપવા માટે આવો મહાન પયગામ પોતાના મહાન પયગમ્બરે અકરમ (સ.અ.વ.) થકી મોકલ્યો, તે અલીમ અને ખબીર પરવરદિગાર જાણતો હતો કે તેના આ પયગામ સાથે દીન અને ઈન્સાનિય્યતના દુશ્મનો કેવું કેવું વર્તન કરશે. જ્યારે ફરિશ્તાઓએ દુનિયામાં ઈન્સાનોના આવવા પહેલા તેઓની કત્લેઆમ, ખુના મરકી અને હૈવાનિય્યતનું વર્ણન કર્યું છે તો પછી ચોક્કસ અલ્લાહ તઆલા પણ તે જાણતો હતો.

આ ઉપરાંત અલ્લાહ તઆલાનો આ પયગામ અંતિમ પયગામ છે. આ દીન આખરી દીન છે. આ કિતાબ (કુરઆને કરીમ) આખરી કિતાબ છે. આ રસુલ આખરી અને અંતિમ નબી છે. હવે કયામત સુધી કોઈ બીજો દીન અને શરીઅત, કિતાબ અને એહકામ નાઝીલ થવાના નથી.

તો હવે આ અબદી અને જાવેદાની અને એકમાત્ર દીન (કે તેના જેવો બીજો કોઈ દીન ન હતો કે ન છે)ની હિફાઝત માટે ખુદા અને તેના રસુલ (સ.અ.વ.) એ શું વ્યવસ્થા કરી છે? અને તે પણ કયામત સુધીની વ્યવસ્થા.

## ફાનુસે હિફાઝતઃ

વિગતવાર ચર્ચા ન કરતા આટલો ઈશારો જરૂર કરીશું કે જ્યારે જનાબે મુસા (અ.સ.) મદાએનમાં પોતાનો વાયદો પૂર્ણ કરીને મિસ્ર શહેર તરફ પાછા ફરવા લાગ્યા ત્યારે ખુદાવંદે આલમે તેમને આ પ્રમાણે હુકમ કર્યોઃ

اِذْهَبْ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ٢٤ قَالَ رَبِّ اشْرَحْ لِيْ صَدْرِيْ ٢٥ وَيَسِّرْ
لِيْٓ اَمْرِيْ ٢٦ وَاحْلُلْ عُقْدَةً مِّنْ لِّسَانِيْ ٢٧ يَفْقَهُوْا قَوْلِيْ ٢٨ وَاجْعَلْ لِّيْ
وَزِيْرًا مِّنْ اَهْلِيْ ٢٩ هٰرُوْنَ اَخِي ٣٠ اشْدُدْ بِهٖٓ اَزْرِيْ ٣١ وَاَشْرِكْهُ فِيْٓ
اَمْرِيْ ٣٢ كَيْ نُسَبِّحَكَ كَثِيْرًا ٣٣ وَّنَذْكُرَكَ كَثِيْرًا ٣٤

*“ફીરઔન તરફ જાવ, તે બાગી અને સરકશ થઈ ગયો છે (તે સમયે જનાબે મુસા (અ.સ.) એ ખુદાવંદાની બારગાહમાં આ મહાન જવાબદારી અદા કરવા માટે આ વાતો અરજ કરી) ખુદાયા! ૧) મારી છાતીને વિશાળ કરી દે, ૨) મારા કામને આસાન કરી દે, ૩) મારી જીભની ગૂંચને ખોલી દે, ૪) લોકો મારી વાતોને સમજી શકે, ૫) મારા અહલ અને મારા ખાનદાનમાંથી મારા માટે એક વઝીર નિયુકત કર, ૬) તે મારો ભાઈ હારૂન હોય, ૭) તેના વડે મારી પીઠને મઝબુત કર, ૮) તેને મારા કાર્યમાં મારો ભાગીદાર બનાવ, ૯) કે જેથી અમે વધારેને વધારે તારી તસ્બીહ કરી શકીએ, ૧૦) અને વધારેમાં વધારે તારો ઝીક્ર કરી શકીએ.”*

(સુરએ તાહા (૨૦), આયત નં. ૨૪-૩૪)

## વઝીર અને મોહાફિઝ:

તબ્લીગના કામની શરૂઆત કરતા પહેલા 'વઝીર'ની માગણી કરવી આ વાસ્તવિકતા બયાન કરી રહ્યું છે કે ઈલાહી નિઝામ એટલી હદે તરક્કી પામેલ વ્યવસ્થા છે કે જેમાં શરૂઆતથીજ જાંનશીનીનો ખ્યાલ રાખવામાં આવે છે કે જેથી સરદારની વિદાય થવા પછી મિશનની હિફાઝતની વ્યવસ્થા કોઈ આલતુ ફાલતુ લોકોના હાથોમાં ન ચાલી જાય અને ન તો કોઈ દુશ્મન દોસ્ત બનીને તેને નુકશાન પહોંચાડી શકે.

હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) એ જ્યારે ખુદાવંદે આલમના હુકમથી અલલ એઅલાન દઅવત આપવાની શરૂઆત કરી ત્યારે પોતાના સૌથી નિકટના સગાવ્હાલાઓને બોલાવીને પોતાના મિશન, પોતાના પયગામની જાણ કરી જેને ઈસ્લામી ઈતિહાસમાં 'દઅવતે ઝુલ્અશીરા'ના નામથી યાદ કરવામાં આવે છે. તે જ સમયે રસુલે ખુદા (સ.અ.વ.) એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની જાંનશીની અને વઝીર હોવાનું એઅલાન ફરમાવ્યું હતું. આ એઅલાન વડે રસુલે અકરમ (સ.અ.વ.) એ તમામ લોકો ઉપર એ સ્પષ્ટ કરી દીધું કે તેમના વિદાય થઈ જવા પછી આ દીન સરપરસ્ત અને હિફાઝત કરનાર વગરનો નહિ રહે. કારણકે આ દીને મોબીન અને પાક શરીઅત કયામત સુધી બાકી રહેનાર હતો. આથી એક એવા સિલસિલાની જરૂરત હતી કે જે કયામત સુધી ચાલતો રહે અને એવા હિફાઝત કરનારની પસંદગી કરવામાં આવે કે જે નુબુવ્વત અને રિસાલત સિવાયની તમામ સિફતો અને ખુસુસિયાતોમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની જેવા હોય, જેથી દરેક પ્રકારે સંપૂર્ણ હિફાઝત થઈ શકે. આ સિલસિલામાં નીચે મુજબની રિવાયતો (કે જેને એહલે સુન્નતના આલિમોએ પણ નકલ

કરેલ છે) જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની તે મહાન વ્યવસ્થા તરફ ઈશારો કરી  રહી છે.

## દીનની હિફાઝત અને ઈમામતઃ

*૧) આ ઉમ્મતમાં બાર અમીર થશે. (બુખારી)*

*૨) આ દીન તે સમય સુધી કાએમ રહેશે કે જ્યાં સુધી તેમાં બાર ખલીફાઓ હશે. (મુસ્લીમ)*

*૩) આ દીન તે સમય સુધી ઈઝઝતદાર અને વકારવાળો રહેશે જ્યાં સુધી તેમાં બાર ખલીફાઓ હશે. (મુસ્લીમ)*

*૪) મારી ઉમ્મતની બાબતો ત્યાં સુધી નેક રહેશે જ્યાં સુધી તેમાં બાર ખલીફાઓ હશે. (મુસ્તદરક અલસ સહીહૈન)*

*૫) આ ઉમ્મતના બાર સરપરસ્ત હશે. જે તેમનો સાથ છોડી દેશે તે તેઓને કંઈ નુકશાન નહીં પહોંચાડે અને તે દરેકે દરેક કુરૈશમાંથી હશે (તારીખુલ ખોલફા).*

પંજેતને પાક (અ.મુ.સ.)ની પાક, મુકદ્દસ અને બાબરકત સંખ્યાથી સઆદત હાસિલ કરતા અહિં ફકત ઉપરોકત પાંચ હદીસો ઉપર સંતોષ માનીએ છીએ, જ્યારેકે આ વિષયની રિવાયતો તવાતુરની હદ સુધી પહોંચેલી છે. આ  વિષયની હદીસો શીઆ અને સુન્ની બન્ને ઓલમા મુજબ મુસ્તનદ અને ભરોસાપાત્ર છે. આયતુલ્લા હઝરત આકા લુત્ફુલ્લાહ સાફી મદ્ઝીલ્લાહુલ આલીએ પોતાની અમૂલ્ય કિતાબ 'મુન્તખબુલ અસર'માં આ સિલસિલાની ૨૭૧ હદીસોની નોંધ ફરમાવી છે જેનાથી અંદાજો લગાવી શકાય છે કે હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ને પોતાના બાદ પોતાની

ઉમ્મતની હિફાઝત, ઈઝઝત અને ઉન્નતી વિગેરેનો કેટલો વધારે ખ્યાલ હતો, એટલે કે આં હઝરત (સ.અ.વ.) એ પોતાની ઝિંદગી દરમ્યાન જ પોતાની ઉમ્મતના મોહાફિઝ, રેહબર, ખલીફા, અમીર અને ઈમામની નિયુકિત ફરમાવી દીધી હતી.

- આ રિવાયતોનો અભ્યાસ કરવાથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની વફાતથી લઈ કયામત સુધી તેમના ખલીફા અને જાંનશીનોની સંખ્યા ફકત અને ફકત ૧૨ જ હશે ન તો તેઓ અગ્યાર હશે અને ન તો તેઓની સંખ્યા તેર ની હશે.
- આ બધાજ બાર ખલીફા અને જાનશીન કુરૈશથી હશે બીજા કોઈ ખાનદાનથી નહી હોય.
- આ ખલીફાઓ પવિત્ર મઝહબ ઈસ્લામની ઈઝઝત અને સરબલંદીનું કારણ હશે.
- તેઓનો સાથ છોડી દેનાર અને તેઓથી અલગ થઈ જનાર ખુદ પોતાનું નુકશાન કરશે, તેમજ જે લોકો તેમનો સાથ આપશે અને તેમને મદદ અને સહયોગ આપશે તો ખુદ તેઓનો ફાયદો થશે અને તેઓને આ દુનિયા તથા આખેરતમાં તેનો સવાબ મળશે.

## બારની શોધમાં આલીમોની પરેશાનીઓ:

આલીમો અને હદીસવેત્તાઓએ પોત પોતાની કિતાબોમાં આ પ્રકારની રિવાયતોની નોંધ તો કરી દીધી પરંતુ જ્યારે ૧૨ની સંખ્યા લાગુ કરવાની અને તેના મિસ્દાકની શોધ કરવાની વાત જ્યારે આવી ત્યારે તે લોકો કે જેઓ એહલેબૈત (અ.મુ.સ.) તરફ રજુ થતા ન હતા, તેઓ એક મોટી મુશ્કેલી અને પરેશાનીમાં સપડાઈ ગયા. કારણ કે જે જે લોકોને તેઓ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના

જાંનશીન, ખલીફા અને ઉમ્મતના આગેવાન માનતા હતા, તેઓ ઉપર આ રિવાયતો કોઈપણ પ્રકારે લાગુ કરી શકતા ન હતા. આ રિવાયતો પાકો-પાકીઝા, તય્યબ અને તાહીર, મઅસુમ અને મન્સુસ મેનલ્લાહ (અલ્લાહ તરફથી નિયુકિત પામેલા) એહલેબૈત (અ.મુ.સ.) સિવાય કોઈ ઉપર બંધબેસતી નથી. કારણ કે...

૧) ખોલફાએ રાશેદીન ઉપર આ રિવાયતો લાગુ કરી શકાય નહિ કારણ કે તેઓની સંખ્યા બાર નથી.

૨) આ ઉપરાંત આ સિલસિલો તો ૪૦ હિજરીમાં હઝરત અલી (અ.સ.)ની શહાદત બાદ ખતમ થઈ ગયો જ્યારે કે રસુલે અકરમ (સ.અ.વ.) એ તો કયામત સુધીની વાત કરી છે. શું દીને ઈસ્લામ ફકત ૪૦ હિજરી સુધી જ બાકી રહેનાર હતો? શું ત્યારબાદ કયામત આવી જવાની હતી? બહરહાલ કયામત તો આવી નથી અને દીન બાકી છે પરંતુ ખોલફાએ રાશેદીનનો સિલસિલો તો ખત્મ થઈ ગયો. આથી આ સિલસિલો પણ આ રિવાયતોનો મિસ્દાક નથી.

૩) બની અબ્બાસ અને બની ઉમય્યાના ખલીફાઓ પણ એકેય પ્રકારે ઉપરોકત રિવાયતોના મિસ્દાક થઈ શકતા નથી, કારણ કે...

અ) તેઓની સંખ્યા બાર નથી.

બ) જેઓની ખિલાફતના સમયગાળા દરમ્યાન હઝરત ઈમામ હુસૈન (અ.સ.) અને એહલેબૈત (અ.મુ.સ.)માંથી બીજા ઈમામો શહીદ થયા હોય તેઓ ઈસ્લામની ઈઝઝત અને સરબલંદીનું કારણ હોય શકે નહિ.

ક)	તેઓ પોતાની ઝિંદગી અને હુકુમત દરમ્યાન ઈસ્લામી કાનૂનોના પાબંદ ન હતા. જે લોકો પોતાની ઝિંદગીમાં ઈસ્લામી કાનૂનોના સરખી રીતે પાબંદ ન હોય તેઓ બીજાઓને કેવી રીતે પાબંદ બનાવી શકે? અને કેવી રીતે ઈસ્લામની હિફાઝત કરી શકે?

ડ)	તેમની દાસ્તાનો ઝુલ્મ અને અત્યાચારથી ભરપૂર છે. બેગુનાહ લોકોની હત્યા કરવામાં ફકત તેઓનો હાથ જ નહિ, બલ્કે તેઓનું સંપૂર્ણ અસ્તિત્વ તેમાં ડુબેલુ છે.

ઈ)	આ બાબત પણ કંઈ ઓછું મહત્ત્વ નથી ધરાવતી કે તેઓના સિલસિલામાંથી કોઈ એક સિલસિલો પણ આજે બાકી નથી. આજથી સેંકડો વર્ષો પહેલા આ બધા સિલસિલાઓ ખતમ થઈ ગયા. આ સિલસિલાઓનું તૂટી જવું ખુદ દર્શાવે છે કે તેઓ ઉપરોકત રિવાયતોના મિસ્દાક નથી.

૪) ખિલાફતનો સિલસિલો એક યા બીજા સ્વરૂપે એક મુદ્દત સુધી ચાલતો રહ્યો અને હિન્દુસ્તાનમાં આ ખિલાફતની વ્યવસ્થાને ઘણો ટેકો મળ્યો. તુર્કીના ઈન્કેલાબ પછી મુસ્તફા કમાલ અતાતર્કે આ સિલસિલો જ ખતમ કરી દીધો. હવે ‘ખિલાફત હાઉસ’ તો બાકી રહ્યું છે પરંતુ ખિલાફત બાકી રહી નથી. આથી સ્પષ્ટ છે કે એક પણ સિલસિલો ઉપરોકત હદીસોનો મિસ્દાક નથી.

૫) આજના ઝમાનામાં તો કોઈ એક સિલસિલો પણ દુનિયામાં ક્યાંય મૌજુદ નથી. આજે જે જોવા મળે છે તે રાજા છે, બાદશાહ છે, શૈખ છે, પ્રમુખ છે, આગેવાન છે અને રઈસ છે. પરંતુ કોઈ એક વ્યકિત પણ ખિલાફતનો દાવેદાર નથી.

## બારના મિસ્દાક કોણ છે?

શું ઉપરોકત મુતવાતીર હદીસોનો કોઈ મિસ્દાક છે કે નહિ? અગર નહિ તો શું હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) એ મઆઝલ્લાહ, મઆઝલ્લાહ કોઈ એવી વાત બયાન ફરમાવી કે જેનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી?

નહિ હરગીઝ એવું નથી. ખુદાવંદે આલમની વહી મુજબ કલામ કરનારા પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ બયાન ફરમાવેલી દરેક વાત હકીકત અને વાસ્તવિકતા છે અને તેના મિસ્દાક ચોક્કસ મૌજુદ છે.

એહલે સુન્નત હઝરાતના આલિમોએ તે હદીસોની સ્પષ્ટતા અલગ અલગ પ્રકારે કરી છે. પરંતુ કોઈ એક પ્રકાર પણ કામ્યાબ થતો નજરે ચડતો નથી. પરંતુ એહલે સુન્નતના બુઝુર્ગ મોહદ્દીસ, કુસ્તુનતુનીયાના સૌથી મહાન મુફતી શૈખ સુલૈમાન કુન્દુઝીએ આ હદીસની સ્પષ્ટતા આ પ્રમાણે બયાન ફરમાવી છેઃ

> *‘રસુલે ખુદા (સ.અ.વ.)ની આ હદીસ એહલેબૈતના બાર ઈમામોને લાગુ પડે છે. આ હદીસ આં હઝરત (સ.અ.વ.)ની બાદના ખલીફા ઉપર બંધબેસતી નથી કારણ કે તેઓની સંખ્યા બારથી ઓછી છે. બની ઉમય્યાના બાદશાહોને પણ લાગુ પડી શકે નહિ કારણ કે તેઓની સંખ્યા વધારે છે અને બીજું એ કે ઉમર બિન અબ્દુલ અઝીઝ સિવાય બધા જ ઝાલિમ અને અત્યાચારી હતા*

*(આ જનાબ કુન્દુઝીની માન્યતા છે આપણી નહિ) અને ત્રીજું એ કે તેઓ બની હાશીમમાંથી ન હતા. કારણ કે અબ્દુલ મલીકે જે જાબીરથી રિવાયત કરી છે તેમાં આં હઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે 'બધા જ બની હાશીમમાંથી હશે.' આ હદીસ બની અબ્બાસના બાદશાહો ઉપર પણ સાદિક નથી આવતી. પ્રથમ એ કે તેઓની સંખ્યા વધારે છે. આ ઉપરાંત તેઓએ આયએ મવદ્દત અને આયએ તત્હીરનો ખ્યાલ નથી રાખ્યો (એહલેબૈત અ.મુ.સ. ઉપર ઝુલ્મ અને અત્યાચાર કર્યા).'*

આ આધારે આ હદીસ ફકત એહલેબૈત (અ.મુ.સ.)ના બાર ઈમામો ઉપર સાદિક આવે છે.

એટલા માટે કે તેઓ તેમના ઝમાનામાં સૌથી વધુ આલીમ, મુત્તાકી, પરહેઝગાર અને ઈઝઝત તથા શરફના માલિક હતા. તેમનો હસબ અને નસબ સૌથી ઉચ્ચ અને બલંદ હતો. તેમનું ઈલ્મ તેમના બાપ-દાદાઓ થકી સીધું જ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)થી તેમના સુધી પહોંચ્યુ હતું. આ બધી બાબતો તે વાસ્તવિકતાનું સમર્થન કરે છે કે આં હઝરત (સ.અ.વ.)ની મુરાદ બાર ઈમામોથી એહલેબૈત (અ.મુ.સ.) છે. હદીસે સકલૈન અને બીજી હદીસો તેનું સમર્થન કરે છે.

*આં હઝરત (સ.અ.વ.)નું એમ ફરમાવવું કે 'સમગ્ર ઉમ્મત તેમના ઉપર એકમત થશે તો તેનાથી મુરાદ કાએમે આલે મોહમ્મદ, હઝરત મહદી (અ.સ.)ના ઝુહુરનો ઝમાનો છે. તેમના ઝુહુર પછી ઉમ્મત તેમની ઈમામત ઉપર સહમત અને એકમત થઈ જશે.'*

(યનાબીઉલ મવદ્દત, પ્રકરણ-૭૭)

આ સ્પષ્ટતા પછી વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે તે તમામ હદીસોથી મુરાદ ઈમામત અને ખિલાફતનો એ સિલસિલો છે કે જેના પહેલા અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે અને આખરી આખેરૂઝ ઝમાન, હઝરત હુજ્જત ઈબ્નિલ હસન, ઈમામ મહદી (અ.સ.) છે. અકલ, હિદાયત, રેહબરી અને રેહનુમાઈનો આ પાકો પાકીઝા સિલસિલો જેની બુનિયાદ આં હઝરત (સ.અ.વ.) એ પોતાની ઝિંદગી દરમ્યાન જ ખુદાવંદે આલમના હુકમથી રાખી દીધી હતી કે જે તેમના બાદ બિલા ફસ્લ (કોઈપણ પ્રકારના અંતર વગર) શરૂ થયો અને આજે હઝરત ઈમામ મહદી (અ.સ.)ના સ્વરૂપે મૌજુદ છે.

## ઈમામની મઅરેફતનું મહત્ત્વઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ન ફકત આ સિલસિલો બયાન ફરમાવ્યો, બલ્કે આ ઈમામત અને રેહબરીના સિલસિલાની મઅરેફત પણ વાજીબ કરાર દીધી. હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ની આ રિવાયત ઘણા બધા પ્રકારે બયાન થઈ છે.

مَنْ مَاتَ وَ لَمْ يَعْرِفْ اِمَامَ زَمَانِهٖ مَاتَ مِيْتَةً جَاهِلِيَّةً

*‘જે કોઈ પોતાના ઝમાનાના ઈમામની મઅરેફત મેળવ્યા વગર મરી જાય તો તે જાહેલિય્યતની મૌત મરે છે.’*

આ વાત બિલ્કુલ સ્પષ્ટ અને જાહેર છે કે બસ ફકત તે જ શખ્સ જાહેલિય્યતની મૌતથી નજાત પામી શકે છે અને તેની મૌત જ ઈમાન અને ઈસ્લામ ઉપરની મૌત હશે કે જેની ઝિંદગી જાહેલિય્યતની ન હોય. એટલેકે જે પોતાની ઝિંદગીમાં આ હિદાયત અને ઈમામતના સિલસિલાને કબુલ કરતો હોય અને જેને પોતાના ઝમાનાના ઈમામની મઅરેફત પ્રાપ્ત હોય.

# ઈમામે અસ્ર (અ.સ.) કોણ છે?

હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ની રેહલત પછી આજ સુધી આખી ઈસ્લામી દુનિયામાં, ફીરકાના ફરક હોવા છતાં અને જુદી જુદી વિચારધારાઓ હોવા છતાં બધાજ સહમત છે કે દરેક ઝમાનામાં ફકત એકજ શખ્સ રસુલે અકરમ (સ.અ.વ.)નો જાંનશીન હોઈ શકે છે. તો આજના ઝમાનામાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના જાંનશીન કોણ છે જેની મઅરેફત આપણને જાહેલિય્યતની મૌતથી નજાત અપાવી શકે છે?

અગર આ સમયે કોઈ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ના જાંનશીન છે જે રસુલે ખુદા (સ.અ.વ.)ની ખુસુસિયાતો અને સિફાતોનો અરીસો છે, જે કુરૈશમાંથી છે, જે ખાનદાને બની હાશીમમાંથી છે, જે હસબ અને નસબના આધારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી સૌથી વધારે નઝદિક અને સૌથી વધારે ભરોસાપાત્ર છે તો તે હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી, ઈમામે ઈન્સો જાન, શરીકલ કુરઆન, સાહેબઝ ઝમાન, હઝરત ઈમામ મહદી (અ.સ.) છે. અગર આપણે આ દુનિયામાં ઈમાન અને ઈસ્લામની ઝિંદગી પસાર કરવા ચાહતા હોઈએ અને ચાહતા હોઈએ કે આપણું મૌત પણ ઈમાન અને ઈસ્લામ ઉપર જ થાય અને જાહેલિય્યત અને કુફ્રની મૌતથી નજાત પ્રાપ્ત કરવા ચાહતા હોઈએ તો આપણા માટે જરૂરી અને વાજીબ છે કે આપણા ઝમાનાના ઈમામ હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.)ની મઅરેફત પ્રાપ્ત કરીએ. જેટલા પ્રમાણમાં આપણા ઝમાનાના ઈમામની મઅરેફત મઝબુત અને દ્રઢ હશે, વધારે અને ઉચ્ચ હશે તેટલા જ પ્રમાણમાં કયામતના રસ્તાઓ વધારે પ્રકાશિત હશે અને

વાસ્તવિકતાના રસ્તાઓ આસાન થશે અને ઉચ્ચ દરજ્જાઓ સુધી પહોંચવુ શકય બનશે.

પંદરમી શાબાનુલ મોઅઝ્ઝમની મુનાસેબતથી યોજવામાં આવેલા અલગ-અલગ જશ્ન, મેહફીલો અને કાર્યક્રમ આ સિલસિલાના રસ્તામાં એક નાનકડુ પગલુ છે. ખુદા કરે કે આ કોશિશ તેમની પવિત્ર બારગાહમાં કબુલીય્યતને પાત્ર બને.

## ચર્ચાનું તારણઃ

ઉપરોકત ચર્ચાનું તારણ એ છે કે ચોક્કસ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) એ આ પવિત્ર દીને ઈસ્લામની હિફાઝતની સંપૂર્ણ અને મઝબુત વ્યવસ્થા ફરમાવી છે. બાર ઈમામો (અ.મુ.સ.)ને તેના મોહાફિઝ (રક્ષક) કરાર દીધા છે. કારણ કે દીને ઈસ્લામ કયામત સુધી બાકી અને કાયમ રહેનાર છે. આથી તેની હિફાઝત કરનાર પણ આજ સુધી જીવંત છે અને અત્યારે આ દુનિયામાં જે કંઈ ઈસ્લામ બાકી છે, તે ફકત અને ફકત ઝમાનાના ઈમામ હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.)ની ઈનાયતોના લીધે જ બાકી છે. જે ગુમરાહ સિલસિલો જોવા મળે છે તે પણ હકીકી ઈસ્લામના આધારે જ બાકી છે. કારણ કે બાતિલનો પોતાનો કોઈ પાયો કે બુનિયાદ નથી હોતો.

એહલેબૈત (અ.મુ.સ.) દ્વારા મન્કુલ બે રિવાયતોનું વર્ણન કરીને આ ચર્ચા સંપૂર્ણ કરીએ છીએ.

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'ખુદાવંદે આલમે આપણા નબીના એહલેબૈત (અ.સ.)ના અઈમ્મએ હિદાયત વડે દીનને સ્પષ્ટ કર્યો અને તેમના વડે તેના રસ્તાઓને પ્રકાશિત કર્યા. તેમના વડે*

*ઈલ્મના છુપાયેલા ઝરણાઓને જારી કર્યા. આથી ઉમ્મતે મોહમ્મદીમાંથી જે કોઈ પોતાના ઈમામની સાચી મઅરેફત રાખશે, તે ઈમાનની મીઠાશને મહેસુસ કરશે અને તેને ઈસ્લામની ફઝીલતોનો એહસાસ થશે.'*

(કાફી, ભાગ-૧, પાના નં. ૨૦૩)

હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ ફરમાવ્યું:

*'જે પોતાની પથારી ઉપર એ હાલતમાં દુનિયાથી ચાલ્યો જાય કે તે પોતાના પરવરદિગાર અને રસુલ (સ.અ.વ.)ની સાચી મઅરેફત ધરાવતો હોય અને એહલેબૈત (અ.મુ.સ.)ને સાચી રીતે ઓળખતો હોય તો તેનો અજ્ર અને સવાબ ખુદાના શિરે છે. તથા તેને તે તમામ નેક આમાલનો સવાબ મળશે કે જેની તેણે નિય્યત કરી હતી. તેની (નેક) નિય્યત તેની તલ્વાર બાજીની જગ્યાએ હશે. દરેક વસ્તુની એક મુદ્દત છે કે જેનાથી આગળ નથી વધી શકાતું.'*

(ગોરરૂલ હેકમ, હદીસ નં. ૧૯૯૭)

આ ઝમાનાના ઈમામની મઅરેફત જ છે કે જે એક મઅરેફત ધરાવનાર મોઅમીનને શહાદતનો દરજ્જો અતા કરે છે અને તેની નેક નિય્યતને નેક કાર્યોમાં પરિવર્તિત કરીને અઝીમ સવાબ પ્રાપ્ત કરવાનું માધ્યમ બનાવી દે છે. ખુદાવંદા આપણને દરેકને શ્રેષ્ઠ, સંપૂર્ણ અને હંમેશા બાકી રહે તેવી મઅરેફત અતા કરે.

આમીન, યા રબ્બલ આલમીન.

# દીનની વ્યવસ્થા અને બુનિયાદઃ હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની મોહબ્બત

જાહેલિય્યતની મૌતથી નજાત માટે જ્યાં હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.)ની મઅરેફત જરૂરી છે ત્યાં તેમની મોહબ્બત પણ આવશ્યક અને જરૂરી છે. ખુદાવંદે આલમે એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત અને મોવદ્દતને ન ફકત અજ્રે રિસાલત કરાર દીધી છે બલ્કે તેમની મોહબ્બત અને મોવદ્દત તે બુનિયાદ અને પાયો છે કે જેના ઉપર ઈસ્લામની ઈમારત મજબુત ઉભી છે. આજના ઝમાનામાં એહલેબૈત (અ.મુ.સ.)ના સંપૂર્ણ મિસ્દાક બલ્કે એક માત્ર મિસ્દાક વ્યકિતરૂપે હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.)ની પવિત્ર ઝાત છે. નીચે અમૂક હદીસોનું વર્ણન કરીએ છીએ જેનાથી અંદાઝો આવશે કે ઈમામે વકતની મોહબ્બત કેટલી જરૂરી છે.

## ૧) ઈસ્લામની બુનિયાદઃ

હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

لِكُلِّ شَيْءٍ اَسَاسٌ وَ اَسَاسُ الْاِسْلَامِ حُبُّنَا اَهْلَ الْبَيْتِ

***‘દરેક વસ્તુની બુનિયાદ હોય છે અને ઈસ્લામની બુનિયાદ અમો એહલેબૈતની મોહબ્બત છે.’***

(કાફી, ભાગ-૨, પાના નં. ૪૬, હદીસ નં. ૨)

## ૨) દીનની વ્યવસ્થાઃ

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

حُبُّنَا اَهْلَ الْبَيْتِ نِظَامُ الدِّيْنِ

***‘અમો એહલેબૈતની મોહબ્બત દીનની વ્યવસ્થા છે.’***

(આમાલી એ શૈખે તુસી, પાના નં. ૨૯૬)

અર્થાત્ અગર કોઈ વસ્તુ દીનને અફરા-તફરી, અવ્યવસ્થા, મતભેદો અને વિખવાદથી સુરક્ષિત રાખી શકે છે તો તે એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત છે. જાપાનના એક વૈજ્ઞાનિકે એક આલીમે દીનની સામે આ પ્રયોગ કરીને દેખાડયો. તેણે પાણીમાં જોવા મળતા મોલેકયુલને માઈક્રોસ્કોપમાં બતાવ્યા. જ્યારે તેના ઉપર એહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનોના નામ લેવામાં આવતા ત્યારે તે મોલેકયુલ વિખેરાય જતા અને જ્યારે મોહમ્મદ (સ.અ.વ.), અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના પવિત્ર નામો લેવામાં આવતા ત્યારે તે મોલેકયુલ એક જગ્યાએ એકઠા થઈ જતા હતા. આ દુનિયા અફરા-તફરી, ફીરકાબંદી અને મતભેદોની શિકાર રહેશે જ્યાં સુધી એહલેબૈત (અ.મુ.સ.)ના દરવાજેથી દૂર રહેશે.

## ૩) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત ખુદાની મોહબ્બતઃ

અત્યંત ભરોસાપાત્ર અને મુસ્તનદ ઝિયારત, ઝિયારતે જામેઆ કબીરામાં ઈમામ અલી નકી (અ.સ.) ફરમાવે છેઃ

مَنْ وَالَاكُمْ فَقَدْ وَالَى اللهَ وَمَنْ عَادَاكُمْ فَقَدْ عَادَ اللهَ وَ مَنْ

اَحَبَّكُمْ فَقَدْ اَحَبَّ اللهَ وَ مَنْ اَبْغَضَكُمْ فَقَدْ اَبْغَضَ اللهَ

*‘જેણે આપનાથી દોસ્તી કરી તેણે ખુદાથી દોસ્તી કરી અને જેણે આપનાથી દુશ્મની કરી તેણે ખુદાથી દુશ્મની કરી અને જેણે આપનાથી મોહબ્બત કરી તેણે ખુદાથી મોહબ્બત કરી અને જેણે આપનાથી બુગ્ઝ રાખ્યુ તેણે ખુદાથી બુગ્ઝ રાખ્યું.’*

## ૪) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત રસુલે ખુદા (સ.અ.વ.)ની મોહબ્બતઃ

ઝૈદ બીન અરકમનું બયાન છેઃ

હું હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ની પવિત્ર ખિદમતમાં હાજર હતો તેવામાં જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના ઘરમાંથી બહાર નિકળ્યા, તેમણે એક ઉની ચાદર ઓઢેલી હતી અને તેઓ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના ઘર તરફ જઈ રહ્યા હતા. તેમની સાથે તેમના બંને ફરઝંદો ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) હતા અને તેમની પાછળ ઈમામ અલી (અ.સ.) હતા. જ્યારે હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) એ તેમને જોયા તો ફરમાવ્યુંઃ

مَنۡ اَحَبَّ هٰؤُلَاءِ فَقَدۡ اَحَبَّنِیۡ وَ مَنۡ اَبۡغَضَهُمۡ فَقَدۡ اَبۡغَضَنِیۡ.

***'જે કોઈ આ લોકો સાથે મોહબ્બત કરે છે, તે ચોક્કસ મારી સાથે મોહબ્બત કરે છે અને જે કોઈ તેમની સાથે બુગ્ઝ રાખે છે, તે ચોક્કસ મારી સાથે બુગ્ઝ રાખે છે.'***

(તારીખે દમીશ્ક, ભાગ-૯૧, પાના નં. ૧૨૬, તરજુમા અલ ઈમામુલ હુસૈન)

## ૫) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત તવહીદની શર્ત છેઃ

જનાબે જાબીર બીન અબ્દુલ્લાહ (અ.ર.)નું બયાન છે કેઃ

એક અરબ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ની પવિત્ર ખિદમતમાં હાજર થયો અને પુછવા લાગ્યો કે અય અલ્લાહના રસુલ (સ.અ.વ.)! શું જન્નતની પણ કોઈ કિંમત છે? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

***'હા, ચોક્કસ.'***

તે અરબ શખ્સે પુછયું, તેની શું કિંમત છે? ફરમાવ્યું:

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ

***'જ્યારે નેક બંદો ખુલુસની સાથે આ કલમો ઝબાનથી પઢે છે.'***

પુછવામાં આવ્યું: તેનું ખુલુસ અને ઈખ્લાસ શું છે? ફરમાવ્યું:

***'તે બાબતો ઉપર અમલ કરવો જેની સાથે મને મબ્ઉસ કરવામાં આવ્યો છે અને મારા એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત.'***

પુછવામાં આવ્યું: શું તમારા એહલેબૈતની મોહબ્બત તે કલમએ તવહીદનો હક છે? ફરમાવ્યું:

***'હા, ચોક્કસ! તેમની મોહબ્બત તેનો અઝીમ તરીન હક છે.'***

(અમાલી એ શૈખે તુસી, પાના નં. ૮૩, હદીસ નં. ૧૨૦૭)

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ ફરમાવ્યું:

***'ચોક્કસ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ માટે અમૂક શર્તો છે. હું અને મારી ઝુર્રીય્યત તે શર્તોમાંથી છીએ.'***

(ગોરરૂલ હેકમ, હદીસ નં. ૩૪૭૯)

તવહીદનો કલેમો ઈન્સાનને કુફ્ર અને શિર્કથી નજાત અપાવે છે, નજાસતને દૂર કરીને પાક બનાવે છે, આજ તવહીદનો અકીદો તમામ ઈબાદતોની બુનિયાદ અને પાયો છે, અકીદાઓનું પહેલુ મૂળ છે અને એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત તેના ખુલુસ અને કબુલિય્યતની પાયાની શર્ત છે. જેના દિલમાં એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત નથી તેની તવહીદ સંપૂર્ણ નથી.

## ૬) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત ઈમાનની શર્ત છેઃ

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ

*'મારા પરવરદિગારે મારાથી એ અહદ કર્યો છે કે મારા એહલેબૈતની મોહબ્બત વગર કોઈનું પણ ઈમાન કબુલ કરશે નહિ.'*

(એહકાકુલ હક, ભાગ-૯, પાના નં. ૪૫૪)

*'કોઈપણ બંદો ત્યાં સુધી મોઅમીન નથી થઈ શકતો કે જ્યાં સુધી તે પોતાની જાત કરતા વધારે મારાથી મોહબ્બત ન કરતો હોય, મારા એહલેબૈત અને મારી ઝુર્રીય્યતને પોતાના સગાવ્હાલાઓથી વધારે ચાહતો ન હોય અને મને પોતાનાથી વધારે દોસ્ત ન રાખતો હોય.'*

(અલ મોઅજમુલ કબીર, ભાગ-૭, પાના નં. ૭૫, હદીસ નં. ૬૪૧૬)

આ રિવાયતને એહલે સુન્નત હઝરાતે પણ નકલ કરી છે જ્યારે ઈમાનની શર્ત એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત છે અને આજના ઝમાનામાં દુનિયામાં એહલેબૈત (અ.મુ.સ.)ની વ્યકિત ફકત અને ફકત હઝરત વલીએ અસ્ર (અ.સ.)ની પવિત્ર અને બાબરકત ઝાત છે. તેઓની મોહબ્બત વગર બંદો મોઅમીન નથી થઈ શકતો અને ઈમાન વગર જન્નતમાં પણ પ્રવેશ મળશે નહિં. અગર આપણે ઈમાન ધરાવનાર અને જન્નતમાં જવાના હક્કદાર બનવા ઈચ્છતા હોઈએ તો દિલના ઉંડાણથી હઝરત વલીએ અસ્ર (અ.સ.)ને મોહબ્બત કરવી જોઈએ. આપણા તમામ સગાવ્હાલાઓ, માં-બાપ, ઔલાદ, ભાઈ-બહેન, દોસ્ત અને બિરાદરોથી વધારે તેમનાથી મોહબ્બત કરવી જોઈએ.

## ૭) વિલાદતની પાકીઝગીઃ

એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત કંઈ ફકત તવહીદ અને ઈમાનની જ શર્ત નથી બલ્કે પાક વિલાદતની અને વંશની તહારતની પણ જરૂરી શર્ત છે. એહલે સુન્નત હઝરાતની ભરોસાપાત્ર કિતાબ તારીખે દમીશકમાં હઝરત ઈમામ અલી (અ.સ.)ના ઝમાનાની પરિસ્થિતિનું વર્ણન કરતા ભાગ-૨, પાના નં. ૨૩૫ ઉપર હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)ની આ રિવાયત નોંધાએલી છે કે આપ (સ.અ.વ.) એ ઈમામ અલી (અ.સ.)ની સિફતો બયાન કરતા ફરમાવ્યુંઃ

يَا اَيُّهَا النَّاسُ! اِمۡتَحِنُوۡا اَوۡلَادَكُمۡ بِحُبِّهٖ،

فَاِنَّ عَلِيًّا لَا يَدۡعُوۡ اِلٰى ضَلَالَةٍ، وَ لَا يُبۡعِّدُ عَنۡ هُدًى،

فَمَنۡ اَحَبَّهٗ فَهُوَ مِنۡكُمۡ، وَ مَنۡ اَبۡغَضَهٗ فَلَيۡسَ مِنۡكُمۡ

*‘અય લોકો! અલી (અ.સ.)ની મોહબ્બત થકી તમારી ઔલાદનું ઈમ્તેહાન લ્યો. ચોક્કસ અલી (અ.સ.) તમને ગુમરાહી તરફ દઅવત નહિ આપે અને ન તો તમને હિદાયતથી દૂર કરશે. તમારા બાળકોમાંથી જે કોઈ અલી (અ.સ.)ને દોસ્ત રાખતુ હોય તે તમારા છે અને જે તેમનાથી બુગ્ઝ રાખતુ હોય તે તમારા નથી.’*

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)થી આ રિવાયતની નોંધ કરી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ જનાબે અબુઝર (ર.અ.)ને ફરમાવ્યુંઃ

*‘અય અબુઝર! જે અમો એહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરે છે, તેણે સૌથી પહેલી નેઅમત ઉપર ખુદાની હમ્દ બજાવી લાવવી જોઈએ.’*

અબુઝરે પુછયું તે સૌથી પહેલી નેઅમત કઈ છે? ફરમાવ્યુંઃ

*'વિલાદતની પાકીઝગીઃ અમને દોસ્ત નહિ રાખે સિવાય તે કે જેની વિલાદત પાક અને પવિત્ર હોય.'*

(અમાલી એ શૈખે તુસી, પાના નં. ૪૫૫)

આ વિષય ઉપર ઘણી બધી રિવાયતો છે. આ સમયે એહલેબૈત (અ.મુ.સ.)ની એકમાત્ર વ્યકિત હઝરત ઈમામે ઝમાના (અ.સ.) છે. જેના દિલમાં તેમની મોહબ્બત મૌજુદ છે તેઓની વિલાદત પાક અને પવિત્ર છે અને જે પોતાના દિલમાં ઈમામે ઝમાના (અ.સ.)ની મોહબ્બત નથી અનુભવતો તેણે તપાસ કરવી જોઈએ.

## ૮) દિલની પાકીઝગીઃ

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યુંઃ

*'કોઈપણ બંદો અમારાથી મોહબ્બત નહિ કરે અને ન તો અમારી વિલાયતને તસ્લીમ કરશે સિવાય તે કે જેના દિલને ખુદા પાકો-પાકીઝા કરે અને ખુદાવંદા ત્યાં સુધી બંદાના દિલને પાકો-પાકીઝા નહિ કરે ત્યાં સુધી કે તે અમારી સમક્ષ તસ્લીમ ન થઈ જાય અને અમારો ફરમાંબરદાર ન બની જાય. જ્યારે તે અમારો ફરમાંબરદાર બની જશે તો ખુદાવંદે આલમ તેને હિસાબ-કિતાબની સખ્તાઈથી સુરક્ષિત રાખશે અને કયામતના મયદાનના ભય અને ડરથી નજાત અતા કરશે.'*

(કાફી, ભાગ-૧, પાના નં. ૧૯૭, હદીસ નં. ૧)

જન્નત તે જગ્યા છે કે જ્યાં ફકત તે જ લોકો જશે કે જેઓના દિલ પાકો-પાકીઝા છે. દિલની તે તહારત અને પાકીઝગી માટે એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત અને વિલાયત તથા તેમની ઈતાઅત અને ફરમાંબરદારી જરૂરી છે. જે શખ્સ પોતાના દિલની પાકીઝગી અને તહારત તથા કયામતના હિસાબ-કિતાબની સખ્તાઈથી નજાત પ્રાપ્ત કરવા ચાહતો હોય તેના ઉપર જરૂરી છે ઝમાનાના ઈમામથી મોહબ્બત કરે અને સંપૂર્ણ રીતે તેમનો ઈતાઅતગુઝાર અને ફરમાંબરદાર બની જાય.

**૯) એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત સૌથી શ્રેષ્ઠ ઈબાદતઃ**

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ ફરમાવ્યું:

اَحۡسَنُ الۡحَسَنَاتِ حُبُّنَا وَ اَسۡوَءُ السَّيِّئَاتِ بُغۡضُنَا

***‘નેકીઓમાં સૌથી શ્રેષ્ઠ અને સૌથી સારી નેકી અમારી મોહબ્બત છે અને બુરાઈઓમાં સૌથી ખરાબ બુરાઈ અમારાથી બુગ્ઝ અને દુશ્મનાવટ રાખવી છે.’***

(ગોરરૂલ હેકમ, હદીસ નં. ૩૩૬૩)

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

اِنَّ فَوۡقَ كُلِّ عِبَادَةٍ عِبَادَةٌ وَ حُبُّنَا اَهۡلَ الۡبَيۡتِ اَفۡضَلُ عِبَادَةٍ.

***‘દરેક ઈબાદતથી વધીને એક ઈબાદત છે અને અમો એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત સૌથી શ્રેષ્ઠ ઈબાદત છે.’***

(અલ મહાસીન, ભાગ-૧, પાના નં. ૨૪૭, હદીસ નં. ૪૬૨)

**૧૦) મયદાને મેહશરનો સૌથી પહેલો સવાલઃ**

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

اَوَّلُ مَا يُسْاَلُ عَنْهُ الْعَبْدُ حُبُّنَا اَهْلَ الْبَيْتِ

***'(મયદાને કયામતમાં) બંદાને સૌથી પહેલો સવાલ અમો એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બતના બારામાં પુછવામાં આવશે.'***

(ઓયુને અખ્બારે રેઝા, ભાગ-૨, પાના નં. ૬૨, હદીસ નં. ૨૫૮)

એક બીજી રિવાયતમાં આં હઝરત (સ.અ.વ.) એ આ રીતે બયાન ફરમાવ્યું છેઃ

***'કોઈ બંદો કયામતના મયદાનમાં તે સમય સુધી એક ડગલુ પણ આગળ નહિ વધી શકે જ્યાં સુધી ચાર ચીઝોનો જવાબ ન આપી દે.***

***૧) આયુષ્યના બારામાં કે કઈ બાબતમાં પસાર કર્યું?***

***૨) શરીરના બારામાં કે કઈ ચીઝમાં તેને ઘરડુ કર્યું?***

***૩) માલના બારામાં કે કયાંથી પ્રાપ્ત કર્યો અને કયાં ખર્ચ કર્યો?***

***૪) અને અમો એહલેબૈતની મોહબ્બતના બારામાં.'***

(ફરાએદુસ્સીમતૈન, ભાગ-૨, પાના નં. ૩૦૧, હદીસ નં. ૫૫૭)

આ રિવાયતને એહલે સુન્નત હઝરાતના આલીમોએ પણ નકલ કરી છે.

આ ઉપરાંત બીજા ઘણા બધા વિષયો છે પરંતુ ટુંકાણને ધ્યાનમાં રાખીને અહિં ફકત ૧૦ વિષયો ઉપર સંતોષ માનીએ છીએ.

એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત, મવદ્દત અને વિલાયત ઈસ્લામની બુનિયાદ, દીનની વ્યવસ્થા, ખુદાની મોહબ્બત, તેના રસુલ (સ.અ.વ.)ની મોહબ્બત, તવહીદની શર્ત, ઈમાનની શર્ત, વિલાદતની પાકીઝગી, દિલની તહારત, સૌથી શ્રેષ્ઠ ઈબાદત અને મેહશરના મયદાનનો પહેલો સવાલ છે. સવાલ એમ છે કે શું આ સઆદત અને નેકબખ્તી ફકત તેઓનેજ પ્રાપ્ત હતી કે જેઓ એહલેબૈત (અ.મુ.સ.)ના ઝમાનામાં મૌજુદ હતા. અગર આપણે આજના ઝમાનામાં તે સઆદત અને નેકબખ્તી પ્રાપ્ત કરવા ઈચ્છતા હોઈએ અને અજ્રે રિસાલત અદા કરવાની કોશિશ કરવા ચાહીએ તો કઈ હસ્તીને આપણી મોહબ્બતોનું કેન્દ્રબિંદુ બનાવવું જોઈએ? શું આજના ઝમાનામાં એહલેબૈત (અ.મુ.સ.)માંથી કોઈ હસ્તી મૌજુદ છે? શું અલ્લાહના રસુલ (સ.અ.વ.)ના કમાલ, જમાલ અને જલાલનો કોઈ અરિસો આજે મૌજુદ છે? શું પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ની સિફતો અને ખુસુસીયાતોના વારસદાર કોઈ મૌજુદ છે?

## હઝરત વલીએ અસ્ર (અ.સ.) રિસાલતના કમાલનો અરિસોઃ

અત્યારના સમયે સમગ્ર કાએનાતમાં ઝમીન ઉપર કે આસમાનોમાં હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી, ઈમામે ઝમાના, ઈમામ મહદી (અ.સ.) સિવાય હસબ અને નસબમાં, ચારિત્ર્યમાં અને અખ્લાકમાં, કમાલ અને જમાલમાં, સિફાત અને ખુસુસીયાતોમાં હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)થી સૌથી વધારે ભરોસાપાત્ર અને મુસ્તનદ બીજું કોઈ નથી. આપ (અ.સ.) જ ઈમામત, વિલાયત અને વિસાયતના સિલસિલાની આખરી કડી છો. મવદ્દતુલ કુર્બાના અંતિમ મિસ્દાક છો, આયએ તત્હીરના અંતિમ તાજદાર છો. જો કે પવિત્ર મઝહબ ઈસ્લામ આપ (અ.સ.)ના વડે જ બીજું જીવન પ્રાપ્ત કરશે, જીવંત થશે, આબાદ થશે, પ્રસરશે,

દરેક જગ્યાએ ફેલાશે અને દરેકનો મઝહબ બનશે. આથી આપ જ તમામ અંબિયા અને મુરસલીન, અવ્સીયા અને સીદ્દીકીન, શોહદા અને સાલેહીન, મોઅમીનો અને મુત્તકી હઝરાતની ઉમ્મીદોનું કેન્દ્રબિંદુ છો. આપ જ તેમના દીન અને મઝહબના જવાબદાર છો. દરેકની નજરો આપના પૂર નુર ઝુહુર ઉપર મંડાએલી છે અને પ્રત્યેક આપના આગમનનો ઈન્તેઝાર કરી રહ્યો છે, દરેકની ઉમ્મીદો આપની સાથે જોડાએલી છે. આ આધારે કે હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.) સાથે મોહબ્બત કરવી તે હકીકતમાં અંબિયા, મુરસલીન, શોહદા, સાલેહીન, મોઅમીનો અને મુત્તકી હઝરાત સાથેની મોહબ્બત છે. આ તમામ લોકો અને ખુદાના તમામ નેક બંદાઓ બલ્કે ફરિશ્તાઓ અને અર્શને ઉઠાવનારા ફરિશ્તાઓ પણ તે શખ્સથી મોહબ્બત કરે છે, જે હઝરત હુજ્જત (અ.સ.)નો ઈન્તેઝાર કરી રહ્યો છે અને તેમના ઝુહુર માટે ઝમીનને સાનુકુળ બનાવી રહ્યો છે. આ આધારે ઉપરોકત વર્ણન કરેલી તમામ હદીસોના મિસ્દાક બનવા ચાહતા હોઈએ તો હઝરત બકીય્યતુલ્લાહીલ અઅઝમ અરવાહોના લહુલ ફીદાથી બેપનાહ મોહબ્બત કરવી જોઈએ. ન ફકત તેમનાથી મોહબ્બત કરવી જોઈએ બલ્કે પોતાની તમામ મોહબ્બતો અને ચાહતો ઉપર તેમને અગ્રતા આપવી જોઈએ. ખુદાવંદે આલમથી એવી મોહબ્બતનો તકાઝો કરીએ કે તેમના દિદાર વગર ચૈન ન મળે, દરેક સવાર-સાંજ તેમને યાદ કરીએ અને દરેક નમાઝો બાદ ઈમામ (અ.સ.) માટે દોઆ કરીએ.

# દીનના તકાઝાઓઃ
# હઝરત વલી એ અસ્ર (અ.સ.)ની ઈતાઅત

## હુજ્જતે ખુદા–અલ્લાહના દીનના મોહાફિઝઃ

અગાઉની ચર્ચાથી એ વાત બિલ્કુલ સાફ અને સ્પષ્ટ થઈ ચૂકી છે કે હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી, બકીય્યતુલ્લાહીલ અઅઝમ, હઝરત ઈમામે ઝમાના (અ.સ.) થકી જ અત્યારે પવિત્ર મઝહબ ઈસ્લામ કાએમ અને જીવંત છે. ઈસ્લામના દુશ્મનોની તમામ સાઝીશો અને વિરોધો છતાં અગર આજે દીને ઈસ્લામ બાકી છે તો તે ફકત ફરઝંદે રસુલે સકલૈન, ઈમામે હુસૈન (અ.સ.)ના નૂરે નઝર હઝરત ઈમામ મહદી (અ.સ.)ની ઈનાયતોને લીધે છે.

સાથો સાથ એ બાબત પણ સ્પષ્ટ થઈ ચૂકી છે કે જે કોઈ શખ્સ એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત, મોવદ્દત અને વિલાયતથી ફાયદો ઉઠાવવા ચાહતો હોય, જે કોઈ અજો–સવાબ, કમાલાત અને નેકબખ્તી પ્રાપ્ત કરવા ચાહતો હોય તેના માટે જરૂરી છે કે જનાબે ઝહરા (સ.અ.)ના આંખોની ઠંડક, અલી એ મુર્તુઝા (અ.સ.)ના દિલના ચૈન, ઈમામે હોદા, હુજ્જતે ખુદા કે જેમના રાજ્યનો વાયદો કરવામાં આવ્યો છે, તે સર્વશ્રેષ્ઠ મખ્લુક, આખેરૂઝઝમાન, ઈમામ મહદી (અ.સ.)થી મોહબ્બત કરે અને તેમની સાથે ખુદા અને તેમના રસુલની ખાતિર મોહબ્બત કરે. આ મોહબ્બત અજ્રે રિસાલત છે. તે તમામ ઈબાદતોની તંદુરસ્તી અને તેના કબુલ થવાની શર્ત છે. ખુદાના ખ્વાસ્તા અગર કોઈનું દિલ ઈમામે વકતની મોહબ્બતથી ખાલી છે, તો તેનો કોઈ પણ અમલ ખુદાની બારગાહમાં કબુલ થશે નહિ. આ ઉપરાંત કોઈ શખ્સ

સાથેની મોહબ્બત તેની ઝાતમાં જોવા મળતી ખાસિયતો અને કમાલાત ઉપર આધારિત હોય છે. તે કયો કમાલ અને તે કઈ સર્વશ્રેષ્ઠ ખાસિયત છે કે જે તેની સંપૂર્ણ શકયતાઓ, જાહો-જલાલ અને સંપૂર્ણતાની સાથે હઝરત વલી એ અસ્ર (અ.સ.)ની પવિત્ર ઝાતમાં જોવા ન મળતી હોય? જ્યારે આપ (અ.સ.)નો ઝુહુર થશે ત્યારે કાએનાતનો તરીકો અને રીત કંઈક અલગ જ હશે.

ઈમામ (અ.સ.) દુનિયામાં અદ્લ-ઈન્સાફને ફેલાવશે. દરેક જગ્યાએથી દરેક પ્રકારના ઝુલ્મ અને અત્યાચાર, નાઈન્સાફી અને અસમાનતાને ખતમ કરશે. મોઅમીનોને ઈઝઝત અને વકાર અતા ફરમાવશે. કાફીરો, મુશ્રીકો, મુનાફીકો અને ફસાદ ફેલાવનારાઓ, ઝલીલ થશે અને નાબુદ થશે. ફીત્ના-ફસાદ, તબાહી-બરબાદી, કત્લ અને ખુના મરકી, લુંટફાટ અને આતંકવાદ વિગેરેનું નામો નિશાન જોવા નહિ મળે. ચોતરફ અમ્ન અને સલામતિ જ જોવા મળશે, જરૂરિયાતની તમામ ચીઝો સસ્તી હશે. ભેળસેળનો વેપાર બંધ થઈ જશે. ઝમીન તેની આવડતોને ઉજાગર કરીને સંપૂર્ણ પાક આપશે, આથી કેમીકલથી પાક તૈયાર કરવાનો સમય ખતમ થઈ જશે. જેના પરિણામ સ્વરૂપ ઈન્સાનોની તંદુરસ્તી કેમીકલ દ્વારા થતી નકારાત્મક અને ગંભીર અસરોથી સુરક્ષિત થઈ જશે અને મોટા પ્રમાણમાં બિમારીઓનો ખાત્મો થઈ જશે. ઈલ્મ અને વિજ્ઞાનની બેમિસાલ તરક્કીઓ થશે, ઝીંદગી એકદમ સુકુનવાળી હશે. બલાઓ દૂર હશે અને રહમતોનો વરસાદ હશે. ટૂંકમાં એ કે કાએનાતનો રંગ અને નકશો બદલાય જશે. આ દુનિયા એક બીજી જ દુનિયા બની જશે. ચોતરફ ગદીરી ઈસ્લામ હશે અને મસ્જીદોમાંથી 'અલીય્યુન વલીય્યુલ્લાહ'ની અવાજો આવશે, દરેક જગ્યાએ એહલેબૈત (અ.મુ.સ.)ની હુકુમત હશે અને ફકત તેમની જ શરીઅત હશે તથા ફકત તેમનાજ એહકામ હશે. સમગ્ર દુનિયા ઉપર એહલેબૈત

(અ.મુ.સ.)ના કાનૂનોની હુકુમત હશે. સમગ્ર દુનિયા બસ એક રાજ્ય, એક શહેર અને એક ઘરની જેમ હશે. વંશાવેલા અને કુળના તફાવતો ખતમ થઈ જશે. ઈઝઝત, બુઝુર્ગી, શરાફત અને કરામતનું માપદંડ ફકત અને ફકત તકવા હશે. સમગ્ર દુનિયામાંથી શિર્ક તેના તમામ સ્વરૂપો અને પ્રકારો સાથે ખતમ થઈ જશે. દરેક જગ્યાએ ફકત એક ખુદાની ખુલુસ સાથે ઈબાદત થશે.

## ઈમામ (અ.સ.)ની મદદ કરવાના પ્રકારઃ

ચોક્કસ આપણે ઉપરોકત તમામ બાબતોને દિલથી ચાહીએ છીએ પરંતુ સવાલ એ થાય કે આ પવિત્ર અને ઉમદા મકસદમાં આપણે કેવી રીતે મદદ કરી શકીએ? અને કઈ ખિદમત અંજામ આપી શકીએ?

હઝરત રસુલે અકરમ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

*‘જે દિલથી અમોને મોહબ્બત કરે, હાથ અને જીભ વડે અમારી મદદ કરે તે જન્નતના ઉચ્ચ દરજ્જામાં અમારી સાથે હશે.*

*જે ફકત દિલથી મોહબ્બત કરશે અને જીભથી મદદ કરશે પરંતુ હાથથી મદદ નહિ કરે તે તેનાથી નીચેના દરજ્જામાં હશે.*

*અને જે ફકત દિલથી જ મોહબ્બત કરશે અને જીભ તથા હાથથી અમારો સાથ નહિ આપે તે તેનાથી પણ નીચેના દરજ્જામાં હશે.’*

(એહકાકુલ હક્ક, ભાગ-૯, પાના નં. ૪૮૪)

હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની રિવાયત છે:

*‘જે શખ્સ દિલથી અમારી સાથે મોહબ્બત રાખે છે, જીભથી અમારી મદદ કરે છે અને અમારી સાથે રહીને અમારા દુશ્મનો સાથે જંગ કરે છે, તે જન્નતમાં અમારી સાથે અમારા દરજ્જામાં હશે.*

*અને જે શખ્સ દિલથી અમારી સાથે મોહબ્બત રાખે છે અને જીભથી અમારો સાથ આપે છે પરંતુ અમારા દુશ્મનોની સામે જંગમાં અમારી સાથે નથી હોતો તે જન્નતમાં બે દરજ્જા ઓછા હશે.*

*અને જે શખ્સ ફકત દિલથી અમોને મોહબ્બત કરશે અને જીભ તથા હાથ વડે અમારો સાથ નહિ આપે તે ફકત જન્નતમાં હશે.’*

(અલ ખેસાલ, પાના નં. ૬૨૯, હદીસ નં. ૧૦)

આ વિષય ઉપર બીજી પણ ઘણી બધી રિવાયતો જોવા મળે છે. આ વાકય કહી દેવું તદ્દન આસાન છે કે ‘ચાલો, જન્નત તો મળી જશે ને અગર દરજ્જો ન મળે’ તો શું થઈ ગયુ તો તેનો જવાબ એ છે કે આ અમૂક દિવસોની ઝીંદગીમાં સારી સોસાયટીને જોઈને દિલ બેચૈન થઈ જાય છે તો શું જન્નતના ઉચ્ચ દરજ્જાઓ અને તેમાં પણ એહલેબૈત (અ.મુ.સ.)ના દરજ્જાઓને જોઈને કેટલી હદે દિલ તેમની સાથે રહેવા માટે તડપશે? અગર આપણે એહલેબૈત (અ.મુ.સ.)ની સાથે તેમના દરજ્જામાં રહેવા ચાહતા હોઈએ તો બની શકે તેટલી દિલો જાનથી અને હાથ તથા ઝબાન વડે ઝમાનાના ઈમામ (અ.સ.)ની મદદ કરવી જોઈએ.

## ઈમામ (અ.સ.)ની ઈતાઅત-ઈમામ (અ.સ.)ની મદદઃ

અત્યારે કે જ્યારે હઝરત હુજ્જત (અ.સ.) ગયબતમાં છે અને તેમના ઝુહુર માટે ખુદાવંદે આલમના હુકમનો ઈન્તેઝાર કરી રહ્યા છે ત્યારે આ ઝમાનામાં તેમની નુસ્રત અને મદદ અત્યંત મહત્ત્વની છે. હાલાંકે આ બાબત બિલ્કુલ સ્પષ્ટ છે કે ઈમામે ઝમાના (અ.સ.)ના માટે ઉઠાવવામાં આવેલા દરેક પગલાનો સૌથી પહેલો ફાયદો ખુદ આપણને પોતાને જ મળવાનો છે અને તેના માટેનો અજ્ર અને સવાબ પણ ખુદ આપણાથી જ સંબંધિત છે. જાણે કે તે વાસ્તવમાં ખુદ આપણી જ નુસ્રત અને મદદ છે. આ ઝમાનામાં ઈમામે ઝમાના (અ.સ.)ની નુસ્રત અને મદદનો એક રસ્તો ગુનાહોથી પરહેઝ કરવો અને તકવા ઈખ્તેયાર કરવો છે. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ફરમાવે છેઃ

*‘દરેક મઅમુમ (અનુસરણ કરનાર) માટે એક ઈમામ જરૂરી અને ફરજીયાત છે કે જેનું તે અનુસરણ કરે અને જેના ઈલ્મના નૂરથી તે ફાયદો ઉઠાવે, હા, જુઓ કે તમારા ઈમામે આ દુનિયામાંથી પહેરવા માટે ફકત બે કપડા અને ખાવા માટે ફકત બે રોટી ઉપર સંતોષ માન્યો છે. હા, એ પણ જાણુ છું કે તમે તેટલુ નહિ કરી શકો.’*

وَ لٰكِنْ اَعِيْنُوْنِيْ بِوَرَعٍ وَ اجْتِهَادٍ وَ عِفَّةٍ وَ سَدَادٍ

*‘પરંતુ મારી મદદ કરો ગુનાહોથી દૂર રહીને અને વાજીબાત અદા કરવાની કોશિશ વડે, પાક ચારિત્ર્ય વડે, દુનિયાવાળાઓ સમક્ષ હાથ ન ફેલાવીને અને સાચા અને યોગ્ય રસ્તા ઉપર ચાલીને.’*

(નહજુલ બલાગાહ, પત્ર નં. ૪૫)

## તકવા અને પરહેઝગારી:

અઈમ્મ એ મઅસુમીન (અ.મુ.સ.) મુત્તકી અને પરહેઝગાર હઝરાતના ઈમામ છે. તકવા અને પરહેઝગારી ઈખ્તેયાર કરવી, વાજીબાતને અદા કરવામાં સંપૂર્ણ કોશિશ કરવી, દુનિયાવાળાઓ સમક્ષ હાથ ન ફેલાવીને પોતાની ખુદ્દારી અને ગયરતને સુરક્ષિત રાખવી અને દરેક પરિસ્થિતિમાં સાચા અને યોગ્ય રસ્તા ઉપર ચાલવું. આ બધા તે કાર્યો છે કે જેની આપણી પાસેથી અપેક્ષા રાખવામાં આવી છે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું:

اَعِينُوْنَا بِالْوَرَعِ فَاِنَّهُ مَنْ لَقِيَ اللّٰهَ عَزَّ وَ جَلَّ

مِنْكُمْ بِالْوَرَعِ كَانَ لَهُ عِنْدَ اللّٰهِ فَرَجًا

***'ગુનાહોથી દૂરી ઈખ્તેયાર કરીને અમારી નુસ્રત અને મદદ કરો. જુઓ, જે શખ્સ ખુદાવંદે આલમથી વરઅની સાથે મુલાકાત કરશે તેને મુશ્કેલીઓથી નજાત મળશે.'***

(કાફી, ભાગ-૨, પાના નં. ૭૮)

અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.) એ અસંખ્ય રિવાયતોમાં પોતાના ચાહનારાઓથી નુસ્રત અને મદદ કરવાની ભલામણ કરી છે. આ ભલામણ તકવા અને પરહેઝગારી હાસિલ કરવાની છે, ગુનાહોથી દૂર રહેવાની છે. વરઅ એ કંઈ ફકત ગુનાહોથી દૂર રહેવાનું નામ નથી. બલ્કે તે બાબતોથી પણ દૂર રહેવાનું નામ છે કે જે શંકાશીલ હોય અને કોઈ વસ્તુના પાક અથવા નજીસ હોવાના બારામાં શંકા હોય, જેમકે ખબર ન હોય કે ફલાણી વસ્તુ પાક છે કે નહિ, હરામ છે કે હલાલ, આ પ્રકારની બાબતોથી પણ પોતાની જાતને સુરક્ષિત રાખવાનું નામ વરઅ છે. **હરામ વસ્તુઓથી પરહેઝ**

**કરવો તે તો એક સામાન્ય મુસલમાનની જવાબદારી છે. જ્યારે કે શંકાશીલ અને ભ્રમવાળી વસ્તુઓથી પરહેઝ કરવો તે એહલેબૈત (અ.મુ.સ.)ના ચાહનારાઓની જવાબદારી છે.**

હઝરત વલીએ અસ્ર અરવાહોના લહુલ ફીદાઅ એ એક તવકીઅમાં ઈરશાદ ફરમાવ્યું છે:

اِنَّا غَيْرُ مُهْمِلِيْنَ لِمُرَاعَاتِكُمْ وَ لَا نَاسِيْنَ لِذِكْرِكُمْ وَ لَوْ لَا ذٰلِكَ لَنَزَلَ بِكُمُ اللَّاْوَاءُ وَ اصْطَلَمَكُمُ الْاَعْدَاءُ فَاتَّقُوا اللهَ جَلَّ جَلَالُهٗ وَ ظَاهِرُونَا عَلَى انْتِيَاشِكُمْ مِنْ فِتْنَةٍ قَدْ اَنَافَتْ عَلَيْكُمْ

*‘અમે તમારી કાળજી લેવામાં જરા પણ કોતાહી નથી કરતા અને ન તો તમને ભુલાવીએ છીએ. અગર એવું ન કરતા હોત તો બલાઓ તમારી ઉપર નાઝીલ થઈ જતે અને દુશ્મન તમને કોળીયો બનાવીને ખાઈ જતે. તો બસ અલ્લાહ જલ્લ જલાલોહુનો તકવા ઈખ્તેયાર કરો અને તે ફીત્નામાંથી બહાર કાઢવામાં અમારી મદદ કરો કે જેણે તમને ચારે તરફથી ઘેરી લીધા છે.’*

(બેહારૂલ અન્વાર, ભાગ-૫૩, પાના નં. ૧૭૫)

હઝરત હુજ્જત (અ.સ.)ની આ તવકીઅ મુબારક એ હકીકત તરફ ઈશારો કરી રહી છે કે આ ગયબતના ઝમાનામાં દુશ્મનો આપણાથી ગાફીલ નહી રહે બલ્કે ચોતરફથી અને દરેક પ્રકારે આપણને ફીત્ના અને આજમાઈશમાં સપડાવી દેશે. ડીક્ષનરીમાં અરબી શબ્દ ‘فتن’ નો અર્થ તપેલીમાં ઉભરો આવે તેને કહે છે. જ્યારે તપેલીમાં ઉભરો આવે ત્યારે તેમાં રહેલી તમામ વસ્તુઓ ઉપર નીચે થઈ જાય છે અને સ્થિર નથી રહેતી. સમગ્ર તપેલીની

આ પરિસ્થિતિ હોય છે. અર્થાત્ ગયબતના ઝમાનામાં પણ ઘણા ઉભરા આવશે. લોકો ઉપર નીચે થઈ જશે. અગર આપણે તે તમામ મુશ્કેલીઓથી સુરક્ષિત રહેવા ચાહતા હોય અને અગર આપણે ચાહતા હોય કે ઈમામ તેમને નજાત આપે તો તકવા અને પરહેઝગારી વડે અઈમ્મા (અ.મુ.સ.)ની મદદ કરવી જોઈએ. એ તો સ્પષ્ટ વાત છે કે જ્યાં સુધી એક ડુબનાર ખુદ હાથ લાંબો કરીને મદદ નહી કરે તો એક બચાવનાર કેવી રીતે તેને તેમાંથી નજાત અપાવી શકે?

બીજી વાત એ કે આ તકવા અને પરહેઝગારીનો ફાયદો ખુદ આપણી ઝાતને થશે. ગુનાહોથી બચવું અને શંકાશીલ બાબતોથી પણ દૂર રહેવુ ખુદ તમારા માટે ફાયદામંદ થશે.

## એકતા અને સર્વસંમતિઃ

આ ગયબતના ઝમાનામાં હઝરત વલી એ અસ્ર (અ.સ.)ની નુસ્રત અને મદદનું એક માધ્યમ આંતરિક એકતા અને એકમતતા છે. હઝરત હુજ્જત (અ.સ.)ની ઝિયારત અને મુલાકાત કરવી તે એક મહાન ખુશનસીબી છે. જે બાબતોએ આપણને આ ખુશનસીબીથી વંચિત કરી દીધા છે તે આપણા આંતરિક મતભેદ છે. એ વાત સર્વ સ્વિકાર્ય છે કે આપણા દરેક આઅમાલ ઈમામ (અ.સ.)ની બારગાહમાં રજુ કરવામાં આવે છે. આપણા અમૂક કાર્યો એવા છે કે જેનાથી હઝરતને તકલીફ પહોંચે છે. ઈમામ (અ.સ.) એ પોતાની એક તવકીઅમાં જનાબ શૈખ મુફીદ (અ.ર.)ને સંબોધીને ફરમાવ્યું કેઃ

***'અય અમારા મુખ્લીસ દોસ્ત અને વલી! અમારી ખાતિર ઝાલીમોથી જેહાદ કરનારા, ખુદા તમારી એવી રીતે નુસ્રત અને મદદ કરે જેવી રીતે તેણે અમારા નેક દોસ્તો***

*અને વલીઓની મદદ ફરમાવી છે. અમે તમારાથી આ વાયદો કરીએ છીએ અને વચન આપીએ છીએ. તમારા દીની ભાઈઓમાં જે પણ ખુદાનો તકવા ઈખ્તેયાર કરશે અને તેઓના માલમાં ખુદાએ જે હક્ક નક્કી કર્યો છે, તે હકદાર સુધી પહોંચાડશે તો તેઓ બાતીલના ફીત્નાઓ અને ઘટાટોપ આજમાઈશોથી સુરક્ષિત રહેશે.*

*પરંતુ જે શખ્સ ખુદાવંદાએ ભાડેથી આપેલ નેઅમતોમાં કંજુસાઈથી કામ લેશે અને હકદારો સુધી તેનો હક્ક નહિ પહોંચાડે તે દુનિયા અને આખેરત બંને જગ્યાએ નુકશાન ઉઠાવનારાઓમાં હશે.*

*હા, ખુદા અમારા શીઆઓને ઈતાઅત કરવાની તૌફીક અતા ફરમાવે. અગર શીઆઓ અમોને કરેલા વાયદા અને વચન અદા કરવામાં એક દિલ હોતે તો અમારી બાબરકત મુલાકાતમાં કયારેય મોડું ન થતે, મઅરેફત અને સચ્ચાઈની સાથે અમારા દિદારની ખુશનસીબી જલ્દી જ પ્રાપ્ત થતે.*

*જે ચીઝે અમોને તેઓથી મુલાકાત કરવાથી રોકી રાખ્યા છે તે તેઓ તરફથી પહોંચતી એ ચીઝો છે કે જે અમોને નાપસંદ છે અને જેની અમો અપેક્ષા રાખતા નથી.*

*ખુદા મદદ કરનારો છે અને તે અમારા માટે કાફી છે અને સર્વશ્રેષ્ઠ સહારો છે. ખુદાના દોરૂદ અને સલામ થાય બશીર અને નઝીરના સરદાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની પાકો-પાકીઝા આલ ઉપર.'*

(એહતેજાજે તબરસી, ભાગ-૨, પાના નં. ૪૯૯)

આ મુબારક તવકીઅમાં અમૂક મહત્ત્વની બાબતો ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છેઃ

૧) ઈમામે અસ્ર (અ.સ.) આપણને વાયદો કરી રહ્યા છે અને વચન આપી રહ્યા છે. આ તે વાયદો અને વચન છે કે જેમાં લેશમાત્ર પણ વાયદો કે વચનના ઉલ્લંઘનની શકયતા નથી.

૨) જે આ ગયબતના ઝમાનામાં ઝાલીમોથી જેહાદ કરશે (જનાબે શૈખ મુફીદ અ.ર. નો જેહાદ તલ્વાર વડે ન હતો બલ્કે કલમથી હતો. તેઓ ઈમામત અને વિલાયતના દુશ્મનો અને વિરોધીઓની શંકા-કુશંકાઓ અને તેમના વાંધાઓના જવાબ લખાણથી આપતા હતા અને આવી રીતે એહલેબૈત (અ.મુ.સ.)ના દોસ્તોના અકીદાઓનું રક્ષણ કરતા હતા) તે રસ્તામાં કદમ ઉઠાવશે તો ખુદાવંદે આલમ ચોક્કસ તેઓની મદદ અને સહાય કરશે.

૩) ફિત્નાઓ, ઝાલીમોના પ્રપંચો અને હુમલાઓથી સુરક્ષિત રહેવા માટે તકવા એ ઈલાહી અને માલમાંથી હક્ક અદા કરવો જરૂરી છે.

૪) જે લોકો માલમાંથી હક્ક અદા કરવામાં કંજુસાઈથી કામ લેશે, તેઓ દુનિયા અને આખેરતમાં નુકશાન ઉઠાવનારાઓમાંથી હશે.

૫) હઝરત હુજ્જત (અ.સ.)ની ઝિયારત અને મુલાકાત અને તે પણ મઅરેફતની સાથે એ પરિસ્થિતિમાં જ શકય છે કે જ્યારે બધા લોકો હળીમળીને એકતાથી અને એકદિલ થઈને વાયદા અને વચનને પૂર્ણ કરે. અર્થાત્ વાજીબાતની અદાયગી ફુરાદા ન હોય બલ્કે સામુહિક હોય, માલમાંથી

હક્કની અદાયગી વ્યકિતગત ન હોય બલ્કે સામૂહિક હોય અને એક ખાસ વ્યવસ્થા હેઠળ હોય.

૬) ઈમામે ઝમાના (અ.સ.) આપણા તમામ આઅમાલથી સુમાહિતગાર છે.

૭) ઈમામે અસ્ર (અ.સ.)ને પોતાના ચાહનારાઓ અને શીઆઓથી ખાસ અપેક્ષાઓ છે.

૮) આપણા અમૂક કાર્યો આપણા ઝમાનાના ઈમામ (અ.સ.)ની નારાઝગીનું કારણ છે.

*‘ખુદાવંદે આલમ બે હક્કે મોહમ્મદ વ આલે મોહમ્મદ (અ.મુ.સ.) આપણને દરેકને સર્વશ્રેષ્ઠ આઅમાલ, તકવા અને પરહેઝગારી વડે ઈમામે અસ્ર (અ.સ.)ની નુસ્રત અને મદદ કરવાની તૌફીક અતા ફરમાવે અને તે તમામ બાબતોથી દૂર રહેવાની ખુશનસીબી અતા ફરમાવે જે આપણા ઈમામ (અ.સ.)ની નારાઝગીનું કારણ છે. આપણને દરેકને સામૂહિક રીતે નેક અને સાલેહ કાર્યો બજાવી લાવવાની તૌફીક અતા ફરમાવે કે જે હઝરતે હુજ્જત (અ.સ.)ની મઅરેફત સાથેની ઝિયારત અને મુલાકાત કરવાનું કારણ બની શકે.’*

*આમીન યા રબ્બલ આલમીન.*